પીએમ-કિસાન યોજના

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ

પીએમ કિસાન યોજનામાં ઇ-કેવાયસીની પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ વિશે નોંધ :

સંક્ષિપ્ત:

PM-KISAN યોજના, ફેબ્રુઆરી 2019 માં દેશભરમાં જમીન ધરાવતા ખેડૂતોની નાણાકીય જરૂરિયાતોને પૂરક બનાવવા માટે શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, પ્રતિ વર્ષ રૂ. 6,000/- ત્રણ સમાન હપ્તાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી. ટી) દ્વારા ખેડૂતોના આધાર સીડ થયેલ બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

શા માટે eKYC?:

PM કિસાન યોજનાનો લાભ કોઈ પણ વચેટિયાની સંડોવણી વિના આધાર સીડ થયેલ  બેંક ખાતામાં ઇચ્છિત લાભાર્થીઓ સુધી પહોંચે તેની ખાતરી કરવા માટે

ઇ-કેવાયસીના મોડ્સ:

PM-KISAN યોજનાના ખેડૂતો માટે eKYCના નીચેના ત્રણ મોડ ઉપલબ્ધ છે:

૧) OTP આધારિત ઈ-કેવાયસી (PM-KISAN પોર્ટલ અને મોબાઈલ એપ પર ઉપલબ્ધ)

૨) બાયોમેટ્રિક આધારિત ઇ-કેવાયસી (કોમન સર્વિસ સેન્ટર(સીએસસી) અને રાજ્ય સેવા કેન્દ્ર (એસએસકે) પર ઉપલબ્ધ)

૩) ફેસ ઓથેન્ટિકેશન આધારિત ઈ-કેવાયસી (પીએમ કિસાન મોબાઈલ એપ પર ઉપલબ્ધ છે જેનો લાખો ખેડૂતો ઉપયોગ કરે છે)

ઓટીપી આધારિત ઇ-કેવાયસી :

OTP આધારિત eKYC કરવા માટે, ખેડૂત પાસે આધાર લિંક્ડ એક્ટિવ મોબાઈલ નંબર હોવો જરૂરી છે. આ માટે આપેલ પગલાં અનુસરો:

૧) PM-KISAN પોર્ટલની મુલાકાત લો (https://pmkisan.gov.in/)

૨) ઇ-કેવાયસી પર ક્લિક કરો (વેબસાઇટના ઉપરના જમણા ખૂણે)

3) તમારો આધાર નંબર દાખલ કરો અને તમારો OTP સબમિટ કર્યા પછી તમારું eKYC પૂર્ણ કરો

બાયોમેટ્રિક આધારિત ઇ-કેવાયસી:

ખેડૂતોના ઘરઆંગણે/પડોશમાં સેવાઓ પૂરી પાડવા માટે આ સુવિધા દેશભરના 4 લાખથી વધુ સી એસ સી સેન્ટર અને વિવિધ રાજ્ય સેવા કેન્દ્રોને ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ માટે આપેલ પગલાં અનુસરો:

૧) તમારા આધાર કાર્ડ અને આધાર લિંક કરેલ મોબાઈલ નંબર સાથે તમારા નજીકના CSC/SSK ની મુલાકાત લો

૨) CSC/SSK ઓપરેટર આધાર બેઝડ વેરીફીકેશનનો ઉપયોગ કરીને બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન કરવામાં ખેડૂતને મદદ કરશે

નોંધ :

૧) નજીકનું CSC https://locator.csccloud.in/ પર શોધી શકાય છે.

૨) eKYC માટે સુવિધા ફી રૂ.૧૫

ફેસ-ઓથેન્ટિકેશન દ્વારા e-KYC:

ખેડૂત પોતાની સુવિધા અનુસાર તેમના મોબાઈલ દ્વારા eKYC પણ કરી શકે છે. eKYC કરવાની આ સૌથી નવીન અને ઝંઝટ-મુક્ત રીત છે. પગલાં નીચે આપેલ છે:

૧) Google Play Store પરથી PM-KISAN મોબાઈલ એપ અને આધાર ફેસ આરડી એપ ડાઉનલોડ કરો

૨) એપ ખોલો અને તમારા PM-KISAN રજિસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા લોગિન કરો

3) લાભાર્થી સ્ટેટસ પેજ પર જાવ

૪) જો eKYC સ્ટેટસ "ના" છે, તો eKYC પર ક્લિક કરો, પછી તમારો આધાર નંબર દાખલ કરો અને તમારા ચહેરાને સ્કેન કરવા માટે તમારી સંમતિ આપો.

૫) તમારા ચહેરાને સફળતાપૂર્વક સ્કેન કર્યા પછી, eKYC પૂર્ણ થાય છે.

નોંધ:

૧) કોઈપણ મોડ દ્વારા કરવામાં આવેલ eKYC નું સ્ટેટસ 24 કલાક પછી લાભાર્થી સ્ટેટસમાં અપડેટ થશે.

૨) ખેડૂતો PM-KISAN પોર્ટલ અને Kisan-eMitra (PM-KISAN AI ચેટબોટ) પરના KYS મોડ્યુલ પરથી પણ તેમના સ્ટેટસ ને જાણી શકે છે.